Gujarat Samachar
Dt. 27/10/2026, Pg. 18

## એરપોર્ટ જવા ટ્રાફિકની ઝંઝટમાંથી આખરે મુક્તિ મળશે

# હવે કોટેશ્વરથી એરપોર્ટ સુધી ૬ કિલોમીટર મેટ્રો રેલ દોડશે

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં એરપોર્ટ જવા માટે ટ્રાફિક અને સમયની ચિંતા કરતા મુસાફરો માટે આગામી સમયમાં મેટ્રોનો વિકલ્પ મળતા ટ્રાફિક ઝંઝટ માટે મુક્તિ મળશે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ કોટેશ્વર રોડથી સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી આશરે ૬ કિમીનો કોરિડોર બનાવાશે. જેના સિવિલ કન્ટ્રક્શન માટે રૂ.૮૫૯.૨૫ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. યુટિલિટી શિફ્ટિંગનું કામ લગભગ પૂર્ણ થતાં દિવાળી બાદ બાંધકામ શરૂ થવાની શક્યતા છે.

## સિવિલ કામ માટે ૮૫૯ કરોડનો કોન્ટ્રાક્ટ અપાયો, દિવાળી બાદ કામગીરી શરૂ, ૫ નવા સ્ટેશન બનશે

અમદાવાદ મેટ્રોના એરપોર્ટ કોરિડોરમાં આશરે ૪.૯૭ કિમીનો એલિવેટેડ અને ૧.૦૧ કિમીનો અંડરગ્રાઉન્ડ રૂટ બનાવવામાં આવશે. એલિવેટેડ સેક્શનમાં આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર અને સરદારનગર એમ ચાર સ્ટેશનો બનશે. જ્યારે એરપોર્ટ ખાતે એક અંડર ગ્રાઉન્ડ

**૪.૯૭ કિમી એલિવેટેડ, એક કિમી અંડર ગ્રાઉન્ડ રૂટ બનશે, એરપોર્ટ સ્ટેશનનું અંડર ગ્રાઉન્ડ નિર્માણ કરાશે**

સ્ટેશનનું નિર્માણ કરાશે. અહીંથી મુસાફરોને ટર્મિનલ-૧ અને ટર્મિનલ-૨ સુધી પહોંચવાની વિશેષ સુવિધા અપાશે. આ સિવિલ કામ માટે રૂ.૮૭૯.૨૭ કરોડનો અંદાજિત ખર્ચ નક્કી કરાયો હતો. પરંતુ કંપનીએ ૨.૨૮ ટકા ઓછા ભાવે

(અનુસંધાન ૪થે પાને)

## હવે કોટેશ્વરથી

(છેલ્લા પાનાનું ચાલુ)

રૂ.૮૫૯.૨૫ કરોડનો ખર્ચ સાથેનું ટેન્ડર ભરતાં તેને આ કોન્ટ્રાક્ટ અપાયો છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત ૨,૧૬૯.૦૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કોરિડોર કાર્યરત થયા બાદ અમદાવાદ અને ગાંધીનગરનું સંચાલિત મેટ્રો નેટવર્ક ૭૭.૬૩ કિમી થઈ જશે. એરપોર્ટ જવા માટે મેટ્રોનો વિકલ્પ મળતા રોડ પરના ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં પણ મદદ મળશે. જોકે, મુસાફરોને વાસ્તવિક રાહત રૂટ શરૂ થયા બાદ જ મળશે.

### મેટ્રો શરૂ થતાં એરપોર્ટ પહોંચવું સરળ બનશે

હવાઈ મુસાફરી માટે નીકળતા લોકો માટે એરપોર્ટ સમયસર પહોંચવું અગત્યનું હોય છે. ખાસ કરીને પીકઅવર્સમાં રોડ પર ટ્રાફિક વધે ત્યારે મુસાફરીના સમયનો અંદાજ લગાવવો મુશ્કેલ બને છે. એરપોર્ટ મેટ્રો કોરિડોર શરૂ થવા બાદ મુસાફરોને જાહેર પરિવહનનો એક નિશ્ચિત રૂટ મળશે.